# પોસુન બુલેટિન

જાન્યુઆરી – ૨૦૨૪

PIJ - ODE - SUNAV - UTTERSANDA - NAR

## પોસુન ફેડરેશન ટ્રસ્ટ

C/O પોસુન પાટીદાર સમાજ, વડોદરા, "પહેલો માળ", પોસુન બિલ્ડિંગ, પ્રતાપ રોડ, રાવપુરા, વડોદરા ૩૯૦ ૦૦૧
E-mail ID : posunfederation@gmail.com

# પોસુન બુલેટીન

## સંપાદક સમિતી

| | | |
|---|---|---|
| શ્રી જીગ્નેશભાઈ જયંતિભાઈ પટેલ<br>(પીજ - સુરત)<br>મંત્રી, ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ (દ.ગુજરાત) સુરત<br>૬૯,માધવનંદ સોસાયટી,<br>સીંગણપોર રોડ, કતારગામ<br>સુરત - ૩૯૫૦૦૪<br>મો.નંબર: ૯૮૨૫૪૦૭૦૦૦ | શ્રી મુકુંદ દશરથભાઈ પટેલ<br>(પીજ - વડોદરા)<br>કન્વીનર, પોસુન બુલેટીન<br>મંત્રી,પોસુન ફેડરેશન ટ્રસ્ટ<br>૧૫, સ્ટેટ બેન્ક સોસાયટી,<br>અર્ચાકન્યા વિદ્યાલય પાછળ,<br>કારેલીબાગ ,વડોદરા - ૩૯૦૦૧૮<br>મો.નંબર: ૯૮૯૮૦૨૧૩૮૮ | શ્રી નિકુંજભાઈ પ્રવિણભાઈ પટેલ<br>(ઉત્તરસંડા - અમદાવાદ)<br>પ્રમુખ (યુવા પાંખ) ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, અમદાવાદ<br>૨, શ્રીરામ બંગલો,<br>પેટ્રોલ પંપ પાછળ, રામબાગ,<br>મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮<br>મો.નંબર: ૯૪૨૮૯૯૯૯૯૫ |

## સહલાકાર સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી કિરીટભાઈ પુરૂષોત્તમદાસ પટેલ (નાર - અમદાવાદ)<br>અધ્યક્ષ, પોસુન ફેડરેશન ટ્રસ્ટ<br>૭, શ્રીહરિ પાર્ક ,<br>ભગીરથ સોસાયટી પાસે,<br>નારણપુરા,અમદાવાદ - ૧૩<br>મો.નંબર: ૯૮૨૪૩૩૮૯૦૦ | શ્રી નિરજભાઈ બિપીનભાઈ પટેલ<br>(સુણાવ - આણંદ)<br>પ્રમુખ, પોસુન ફેડરેશન ટ્રસ્ટ<br>" નિરજ બંગલો "<br>આમ્રકુંજ સોસાયટી,<br>સિવિલ કોર્ટ રોડ, આણંદ<br>મો.નંબર: ૯૮૨૫૦૧૧૯૬૩ | શ્રી સુરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ<br>(નાર-વડોદરા)<br>ખજાનચી, પોસુન ફેડરેશન ટ્રસ્ટ<br>૧૫ - બી , રશ્મી સોસાયટી,<br>અર્ચાકન્યા વિદ્યાલય પાછળ,<br>કારેલીબાગ , વડોદરા - ૩૯૦૦૧૮<br>મો.નંબર : ૯૮૫૨૩૨૭૬૬૦ |
| શ્રી મુકેશભાઈ રમણભાઈ પટેલ<br>(નાર- અમદાવાદ)<br>પ્રમુખ, ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, અમદાવાદ<br>૧,સ્વાગત ગ્રીનવિલે બંગલો<br>વિભાગ - ૧<br>હેબતપુરા રોડ, થલતેજ,<br>અમદાવાદ - ૩૮૦૦૫૯<br>મો.નંબર: ૯૭૧૨૯૨૯૯૫૦ | શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ પટેલ<br>(પીજ)<br>પ્રમુખ, પોસુન પાટીદાર સમાજ,<br>નડીયાદ મુ.પો. પીજ<br>મો.નંબર: ૯૯૨૫૭૭૦૫૪૧<br><br>શ્રી હંસરાજભાઈ શાન્તિલાલ પટેલ<br>(નાર - મુંબઈ)<br>ક.સભ્ય, પોસુન ફેડરેશન ટ્રસ્ટ<br>૫૦૫ - એ , પંચશીલ - ૨<br>રાહેજા ટાઉનશીપ મલાડ (ઈ ),<br>મુંબઈ મો.નંબર:૯૩૨૦૦૨૮૮૮૯ | શ્રી મુકેશભાઈ ઇશ્વરભાઇ પટેલ<br>(ઉત્તરસંડા- સુરત)<br>પ્રમુખ, ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ (દ.ગુજરાત)<br>સુરત<br>૮ - બી, પટેલનગર સોસાયટી,<br>એ.કે.રોડ<br>સુરત - ૩૯૫૦૦૮<br>મો.નંબર: ૯૮૨૫૩૯૬૫૯૯ |

નોંધ:- પોસુન બુલેટીન ના કોઈપણ કામ માટે ઉપરની નામાવલીમાંથી કોઈપણ વ્યકિતનો સંપર્ક કરવા વિનંતી.

## પોસુન બુલેટીન વિશે .......

નમસ્કાર ,

આજે આપ સૌ સભ્યો સમક્ષ " પોસુન ફેડરેશન ટ્રસ્ટ " દ્વારા પ્રકાશિત નવા જમાના ને અનુરૂપ Digital સ્વરૂપે " પોસુન બુલેટીન " નો પ્રથમ અંક આપ સૌ ને મોકલતા " આનંદ અનુભવાય છે.

પોસુન બુલેટીન નો મુખ્ય ધ્યેય પોસુન સમાજ ના સભ્યો જે વતન થી દૂર દેશ- વિદેશ માં વસવાટ કરી રહ્યા છે. તે સર્વ સભ્યો ને એક તાંતણે બાંધીને વધારે સુદ્રઢ અને સુગ્રથિક કરવાની નેમ છે. પોસુન બુલેટીન ના માધ્યમ થી પરસ્પર પરિચય કેળવી, નજદીક લાવી સ્નેહજલથી ભીંજવવા છે. પરસ્પર ના સુખ દુઃખ એકબીજામાં વહેંચવા છે અને દેશ - વિદેશ માં કાર્યરત બધાજ પોસુન સમાજો ને એકબીજા સાથે સાંકળી સમાજ ને મજબૂત બનાવવા નો ઉદ્દેશય છે.

પોસુન બુલેટીન માં આપણાં વતન ગામમાં થતી ગતિવિધિ ના સમાચાર દેશ પરદેશ માં વસતા પોસુન સમાજ ના સભ્યો ને મળી રહે અને દેશ પરદેશ ના પોસુન સમાજ માં થતી ગતિવિધિ થી ગામમાં રહેતા પોસુન સમાજ ના સભ્યો ને માહિતગાર કરી શકાય. તદ્ઉપરાંત લગ્નોત્સુક યુવક - યુવતીઓ ની વિગતો, અવસાન નોંધ, વિધાર્થીઓ માટે માહિતીસભર શૈક્ષણિક લેખ, બહેનો માટે વિવિધ વાનગીઓ ની જાણકારી , પોસુન સમાજ ના સભ્યો ના વેપાર ધંધા ની માહિતી ,જીવનઉપયોગી લેખ - સામગ્રી તેમજ સમાજ ના ઉત્થાન-લેખો, વિવિધ સમાચારો પોસુન સમાજ ના સભ્યો સુધી લઈ જવા છે.

આ ત્યારે જ શક્ય બને જયારે આપ સૌ નો સાથ મળે , આપની આસપાસ થતી પોસુન સમાજ ની માહિતી અમને એક જાગૃત પોસુન સભ્ય તરીકે પહોંચાડશો તેવી અમો અપેક્ષા રાખીએ છીએ. ( કારણકે આ ધંધાદારી બુલેટીન નથી માટે આપણે માહિતી ભેગી કરવા રિપોર્ટર રાખી ના શકીએ પણ આ બુલેટીન આપણા માટે છે એટલે ચાલો આપણે જ આપણા પોસુન બુલેટીન ના રિપોર્ટર બની જઈએ)

માહિતી પહોંચાડવા માટે :

E-mail ID: posunfederation@gmail.com

અથવા

(૧) મુકુંદ દશરથભાઈ પટેલ ( +919898021388)

(૨) જીગ્નેશભાઈ જયંતિભાઈ પટેલ (+919825407000)

(૩) નિકુંજભાઈ પ્રવિણભાઈ પટેલ (+919428999995)

ઉપરોક્ત E-mail અથવા WhatsApp number પર મોકલશો

પોસુન બુલેટીન આપને સરળતા થી મળી રહે તે માટે અમને તમારી contact details મોકલી આપશો. (E-mail ID / WhatsApp number)

આભાર

# પાટીદારો નો ઈતિહાસ

હજારો વર્ષ પૂર્વે આર્યો મધ્ય એશિયા માં આંસુ નદી પાસે પામીર નામના ઉચ્ચ પ્રદેશ વસતા હતા. સમય જતાં સ્થાનાન્તર કરીને એમની બે ટોળીઓ જુદી જુદી દિશા માં વહેંચાઈ ગઈ. એક ટોળી ઈરાન તરફ અને ત્યાંથી યુરોપ ના દેશોમાં અને બીજી ટોળી અફઘાનિસ્તાન માં થઈ ખૈબરઘાટ દ્વારા હિંદુ કુશ ની પર્વતમાળા ઓળંગી સિંધુ નદીના પટમાં આવી ત્યાંથી ગંગા જમુના ના ફળદ્રુપ મેદાનો અને પંજાબ માં આવી ને વસવાટ કર્યો.

સંસ્કૃત શબ્દકોશ માં કુઅસ્ય અસ્તિ ઈતિ કૂર્મી મતલબ કે જેની પાસે જમીન હોય તે કૂર્મી એનું અપ અપભ્રંશ કુનબી અથવા કણબી થયું. કણ માંથી મણ પેદા કરનાર એ કણબી.

અહીં આવી ને આ કણબી (કૂર્મિ) ઓ એ ખેતીવાડી વિકસાવી. કણબી ( કુર્મિ ) માં પાછળ થી ત્રણ તડા થયા. જેમકે લેઉવા , કડવા , આંજણા .

લેઉવા પાટીદાર ના વહીવંચા બારોટો ની ' વહી ' બોલે છે કે પંજાબ ના સપ્તસિંધુ પ્રદેશ ના લેયા (લોહગઢ ) પ્રદેશ થી આવેલા કૂર્મિ (કણબી) લેઉવા અને કરડ પ્રદેશ માંથી આવેલ કૂર્મિ (કણબી) કડવા કહેવાયા. લેયા (લોહગઢ) લવે વસાવેલી નગરી અને કરડ એ કુશે વસાવેલી નગરી કહેવાય છે. લવ ના વંશજ લેઉવા અને કુશ ના વંશજ કડવા એવી એક પૌરાણિક માન્યતા પણ પ્રચલિત છે. ત્રીજા તડા ના કૂર્મિ (કણબી) ઉત્તર ગુજરાત માં આંજણા પટેલ કહેવાય છે. કેટલાક એને સહસ્ત્રાનુંર્જ ના વંશજ કહે છે તો કોઈ એમને અંજની પુત્ર પણ કહે છે તો કોઈ પરશુરામ ના પ્રહાર થી બચવા અજાણ્યાં થઈ ને રહ્યાં તે આંજણા કહેવાયા એમ માનવામાં આવે છે

કૂર્મિ, કણબી, કુંબી એકજ જ્ઞાતિ ના રૂપાંતરિત નામો છે. ઉત્તર ભારત અને મધ્ય ભારત માં કૂર્મિ, કણબી, મહારાષ્ટ્ર માં પાટીલ, તામિલનાડુ માં કામ્પુ , નાયડુ , રેડ્ડી બધાં એકજ સમાજ ના હોવાનું અંગ્રેજ ઇતિહાસકાર જોહન વિલિયમ માને છે.

૧૨ મી સદીમાં સિદ્ધરાજ જયસિંહ ના શાસન દરમ્યાન પંજાબ પ્રદેશ અને ગંગા જમના ના દોઆબ માંથી ૧૮૦૦ જેટલાં પરિવારો ગુજરાત આવી સ્થાયી થયા. પ્રથમ એમની વસાહત પાટણ બની.

ઈ.સ.૧૧૧૦ ના અરસા માં રામજી નામના પ્રભાવશાળી વ્યક્તિ એ ૬૦૦ જેટલાં પરિવારો સાથે પાટણ થી અડાલજ આવીને વસવાટ કર્યો.

ત્યારબાદ કાળક્રમે આમાં થી કેટલાક પરિવારો એ જીવન નિર્વાહ માટે મધ્ય ગુજરાત ના ચરોતર પંથક તરફ પ્રયાણ કર્યું હતું.

સ.ને. ૧૭૩૦ માં પીપળાવ માં યોજાયેલ ખાસ સમારંભમાં મોગલ બાદશાહ ઔરંગઝેબ નો શાહજાદો બાહદુરશાહ ખાસ હાજર રહ્યો હતો ત્યારે સરકારી દફતરે કૂર્મિ (કણબી) ના બદલે ' પાટીદાર ' શબ્દ નો કાયમી હુકમ કરાવ્યો હતો. એ જમાનામાં ખેતી કરનાર ખેડૂત કહેવાતા અને ' પટ્ટી 'એટલે જમીન નો ટુકડો એનો માલિક 'પટ્ટીદાર ' કહેવાતો. કાળક્રમે એનું અપભ્રંશ થઈ ને ' પાટીદાર ' શબ્દ આવ્યો.

ખેડા જીલ્લા ના પીપળાવ ગામનાં વીર વસનદાસે મોગલ બાદશાહ અને ગુજરાત ના સુબાઓ ની વગ થી મહેસૂલ ઉઘરાવવાના ઈજારા પાટીદારો ને અપાવ્યા હતાં. આ ઈજારા મેળવનાર ચરોતર ના પાટીદારો પાછળ થી 'અમીન' અને 'દેસાઈ' ના નામે ઓળખાયા.

'પટેલ' એ કોઈ જ્ઞાતિ કે સમાજ નથી. એ તો મૂળ કૂર્મિ (કણબી) પછી જેઓ પાટીદાર તરીકે ઓળખાતા હતા. તેમાનાં અમુક લોકો ને મળેલ ઇલ્કાબ છે.

મહંમદ બેગડા એ ગુજરાત માં ખેતી ના વિકાસ માટે એક એક ગામનો કબજો, પસંદ કરીને એને આબાદ કરવાની શરતે કૂર્મિ (કણબી) એટલે કે પાટીદારો ને આપેલ. આ હોદ્દો ધરાવનાર કાયદો અને વ્યવસ્થા સબંધી અહેવાલ રાજ્ય ને આપતા હતા. તેમને 'પટેલ' કહેવાતા હતા.

આ રીતે જોઈએ તો 'પાટીદાર' શબ્દ ધંધા પર થી જયારે 'પટેલ' શબ્દ ખિતાબ કે પદવી પર થી આવ્યો છે. સમય જતાં પાટીદાર શબ્દ લખવા માં અટપટો લાગતા ને પટેલ શબ્દ માં પટલાઈ ફૂટવાની માનસિક ખુમારી અને શૂરાતન નો ભાવ છુપાયેલો હોવાથી લેઉવા,કડવા,આંજણા એમ પાટીદારો એ 'પટેલ' શબ્દ અપનાવી લીધો.

હવે બીજો સંદર્ભ જોઈએ 'પટેલ' શબ્દ નું મૂળ તપાસી એ તો સંસ્કૃત માં 'પટ્ટલિક' શબ્દ છે, ગામનાં ખેતરો ની જમીન અને ઘરથાળ ની જમીનો જે વેચાણ કે ગીરો દસ્તાવેજ લખાણો થતાં તેની એક નકલ સાચવવાનું કામ રાજાઓ એ પ્રામાણિક કોમ હોવાથી કૂર્મિ (કણબી) ઓ ને સોપેલું. એટલે કે દસ્તાવેજ - લેખો જે પટ્ટાઓ (પટ્ટ વસ્ત્ર) ઉપર લખાતા હતા તે આગેવાન પટ્ટલિક પાસે રહેતા હતા. સમય જતા પટ્ટલિક શબ્દ નું અપભ્રંશ થઈ પટેલ શબ્દ અસ્તિત્વ માં આવ્યો. આમ સેંકડો વર્ષો થી ' પટેલ ' શબ્દ ગામનાં આગેવાન તરીકે વપરાતો આવ્યો છે.

૧૭ માં સૈકા પછી પરિસ્થિતિ પલટાઈ અંધાધૂંધી નો યુગ આરંભાયો. અલ્લાહઉદ્દીને કરણઘેલા ને હરાવ્યો. મુસલમાની સૈન્યે ગુજરાત ના ગામડાંઓ ને લૂંટવા બાળવા માંડયા હતા. ખેતી નો શાંત ધંધો કરનાર કણબી પાટીદારો પણ ત્રસ્ત હતા. એ વખતે કાઠિયાવાડ ના રાજવીઓ ગુજરાત ના આ પાટીદારો ની ખેતી ખંત જાણતા હતાં. આથી એમણે પોતાના ગામો આબાદ કરવા માટે પટેલો ને 'પખત' આપી રાજ માં વસાવવા માંડયા. એમાં જામનગર ના રાજવી જામ રાવળ અગ્રણી રહ્યાં. સંવત ૧૫૮૨ માં ભાદા ઠુમ્મર અને પૂજા ભંડારી ની આગેવાની માં પાટીદારો ના મોટા સમૂહ ને પોતાના રાજ્ય ના હાલાર ના પીપર ભાડુકીયા માં ૭૫૦ જેટલા પરિવાર ઉતર્યાં . ત્યાંથી કેટલાક હાલાર માં રહ્યા અને કેટલાંક ધોરાજી તરફ ના ગામો બાજુ પ્રયાણ કરી ગયા.

૧૮ મી સદી માં ગાયકવાડ હકૂમત આવતાં થોડી શાંન્તિ સ્થપાઈ.

આમ ચરોતર,કાઠિયાવાડ અને સૌરાષ્ટ્ર માં લેઉવા પટેલ ની વસ્તી નોંધપાત્ર છે. ચરોતર માં લેઉવા પાટીદાર અટક માં પટેલ,અમીન, દેસાઈ જ્યારે કાઠિયાવાડ, સૌરાષ્ટ્ર ના લેઉવા પાટીદાર તેમના ગામ ના નામ કે વડીલો ને મળેલ પદવી ને આધારે તેમની અટક લખે છે. દા.તરીકે જાસપુર ગામ ના વતની જાસપુરીયા, રૂપાલ ગામ નાં રૂપાલા લખે છે પણ આ બધાં લેઉવા પાટીદાર છે

જયારે ઉત્તર ગુજરાત માં કડવા તેમજ ત્રીજા તડા ના આંજણા પટેલો જેઓ આંજણા ચૌધરી પાટીદારો પણ કહેવાય છે. જે રાજવંશી પ્રજા છે.ચૌધરી એ કોમ નથી પણ તેમનો ઇલ્કાબ છે. બૉમ્બે ગેઝેટિયર લખે છે કે આંજણા પટેલ કણબીઓ કરતા રાજપૂતો ને વધુ મળતા આવે છે. તેમનાં જેવીજ પાઘડી પહેરે છે અને નામ પાછળ 'સિંહ ' લગાડે છે.

૧૫ મી સદી માં શાહ આલમ ના સમય માં જે લેઉવા પાટીદાર વટલાયા અને મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો તે મુમના તરીકે ઓળખાયા એમ ' કાઠિયાવાડ ના મુમના ' પુસ્તક માં નોંધાયું છે.

એક સંશોધન મુજબ કહેવાય છે કે હાલમાં કણબી એટલે કે પાટીદારો ૮૫૦ થી વધારે અટક નો વપરાશ કરે છે તેમ જણાયુ છે.


**-- સંગ્રહિત કરનાર**

**મુકુંદ દશરથભાઈ પટેલ (પીજ - વડોદરા)**

(આ લેખ માં જણાવેલ વિગતો જુદા જુદા પુસ્તક માંથી સંગ્રહિત કરી અહીંયા જણાવેલ છે, સંગ્રહિત કરનારે આ વિગતો ની ખરાઈ કરેલ નથી. જેથી તેઓ આ લેખ ની વિગતો બાબતે કોઈ જવાબદેહી ધરાવતા નથી તેની નોંધ લેવી.)

# પોસુન ફેડરેશનના સ્થાપક અને ભૂતપૂર્વ અધ્યક્ષ








આપશ્રી એ વતન ઓડ થી પ્રસ્થાન કરી વડોદરામાં અભ્યાસ કરી સને ૧૯૫૨ માં M.Sc . ની પદવી પ્રાપ્ત કરી વડોદરા ને કર્મભૂમિ બનાવી ' મહાગુજરાત સ્પોર્ટ્સ ' ની સ્થાપના કરી. આપશ્રી એ વિવિધ ક્ષેત્રે આપની સેવા તથા સહાય થકી સમાજ ને એક નવો રાહ ચીંધ્યો. આપશ્રીએ સમાજમાંથી ચુનંદા કાર્યકરો ને શોધી સમાજ સેવામાં પ્રવૃત્ત કર્યા.

આપશ્રી ઓડ કેળવણી મંડળ - ઓડ, શ્રી ઓડ બંધુ સમાજ -વડોદરા, પોસુન પાટીદાર સમાજ-વડોદરા, પોસુન ફેડરેશન ટ્રસ્ટ, પોસુન કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. - વડોદરા, શ્રી સમસ્ત પાટીદાર કેળવણી મંડળ- વડોદરા, જેવી વિવિધ સંસ્થાઓ ના પ્રમુખ, મંત્રી તેમજ ટ્રસ્ટી જેવા પદો શોભાવી ચૂક્યા છે. તેમજ સમાજ અને સંસ્થાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક સહાય રૂપે માતબર રકમ સમગ્ર અભ્યાસ દરમ્યાન આપી મેડિકલ, એન્જીનીયરીંગ અને સી.એ. જેવી ઉચ્ચ કારકિર્દી ના ઘડતરમાં સહાયક બન્યા છો.

આપશ્રી ની આવી ઉમદા કાર્યશૈલીને ધ્યાન માં રાખી " ઓડ રત્ન વડોદરા" તેમજ " પોસુન વિભૂષણ વડોદરા " થી સન્માનિત કરવામાં આવ્યા છે. લાયન્સ કલબ જેવી ખ્યાતનામ સંસ્થાએ પણ " સોશિયાલીસ્ટ એન્ડ એજયુકેશનાલીસ્ટ "નો એવોર્ડ આપી સન્માનિત કર્યા છે.

આપશ્રી સ્વભાવની સરળતા, વિનમ્રતા, દિલેર દાતા, મિતભાષી, સમાજસેવક અને દૂરદંશિતા જેવા ગુણોથી સમાજ માટે ધરોહર બની રહ્યા છો. આપશ્રી અમારા માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છો. સમાજના દરેક કાર્ય માં આપે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સેવા અને સહકાર આપ્યા છે. આવી વિશિષ્ટ પ્રતિભાને બિરદાવતા સમાજ આપશ્રીનો હંમેશા ઋણી રહેશે.

પોસુન ફેડરેશન ટ્રસ્ટ

## સમાજ સેવા પરમો ધર્મ 'સૂત્ર ને સાર્થક કરનાર ' પોસુનરત્ન ' શ્રી કિરીટભાઈ શ્રી હરિ વિશે થોડું......



સેવા, ધર્મ અને શિક્ષણ નો ત્રિવેણી સંગમ એટલે પોસુનરત્ન શ્રી કિરીટભાઈ પુરૂષોત્તમદાસ પટેલ ઉર્ફે શ્રી હરિ

નાર ગામે જન્મ લીધેલ, પણ સમાજ સેવા જેમને ગળથૂથી માં જ પ્રાપ્ત થઈ હોય તેમના જીવનપથ ને જોતાં તેમને નાર ના પુત્ર ન કહેતાં પાંચે પાંચ ગામ એટલે કે પોસુન પુત્ર કહેવા વધારે યોગ્ય લાગે એટલે જ તેમની સમાજ ઉપયોગી સેવાઓ ને ધ્યાને લઈને તારીખ ૦૫ એપ્રિલ ૨૦૧૮ ના રોજ તેમના ૭૫ માં જન્મ દિવસે પોસુન ફેડરેશન ટ્રસ્ટ દ્વારા તેમને પોસુન સમાજ ના સર્વોચ્ચ સન્માન એવા ' પોસુન રત્ન ' પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા. જેઓ પોસુન પાટીદાર સમાજ નું આ સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ છે.

તેઓશ્રી ને વર્ષ ૨૦૧૭ માં નાર ડે ના પ્રસંગે તેમને ' નાર રત્ન ' પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ની કૃપા થી આર્થિક પાસુ ઘણું મજબૂત. ઘણા બધા ને આ સગવડ ઈશ્વરે આપી છે.પરંતુ બહુ ઓછી વ્યક્તિ ને એનો સદ્ઉપયોગ કરવાનો ગમે છે.

જે વ્યક્તિ બીજાના માટે જીવે તેનું હંમેશા સ્મરણ જ થાય. તેઓ આ દરજ્જા ને પ્રાપ્ત કરનાર છે. સમાજ સેવાનું કોઈ પણ કાર્ય હોય તેઓ પોતાનાં બધા અંગત કામ બાજુ પર મૂકી પહેલી પસંદગી સમાજ સેવા ને આપે. તેમના જીવન ના કેટલાક સમાજોપયોગી પાસાઓ ને બિરદાવવા જ પડે એ જોઈએ તો.....

નાર ગામ માં ' વૃંદાવન ' નામે સુંદર વાડી નું સર્જન કર્યું. નાર ગામ ની શાળા ની શતાબ્દી નું આયોજન, ૬૫ પાટી ની વાડી નું નવસર્જન થયુ ત્યારે આંતરીક સજાવટ નું કાર્ય તેમણે કરાવ્યુ. નાર ગામ માં આવેલ પોતાનું ઘર તેમણે ભવ્ય રીતે બાંધકામ કરાવી સંપૂર્ણ ફર્નિચર તેમજ ઘર વખરી સાથે તૈયાર કરાવી ગામ ને અર્પણ કર્યું. જેનો ઉપયોગ બહાર ગામ થી ગામ ની મુલાકાતે આવતાં હોય અને તેમને રોકાવાની જરૂરીયાત હોય તો તેઓ વપરાશ કરી શકે. કોઈપણ આર્થિક લેવડદેવડ વગર. ગામ માં આવેલ બસસ્ટેન્ડ નું પણ નવસર્જન કરાવ્યું.

હાલમાં તેઓ 'શ્રી સરદાર સેવા સમાજ, અમદાવાદ 'ના પ્રમુખ તેમજ 'પોસુન ફેડરેશન ટ્રસ્ટ 'ના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ભૂતકાળ માં પોસુન ફેડરેશન ટ્રસ્ટ તેમજ ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, અમદાવાદ ના પ્રમુખ તરીકે પણ સેવારત રહેલ છે.

શ્રી અને સરસ્વતી બંન્ને એક સાથે જૂજ વ્યક્તિ ને જ પ્રાપ્ત થાય એવા સહભાગી ખરા. સ્વામિનારાયણ સંપ્રદાય ના આદરણીય સંતશ્રી પ્રમુખસ્વામીજી ના તેઓ અત્યંત નિકટ ગણાતા. આ સંપ્રદાય ના અનેક કાર્યો માં તેમનો સહયોગ અવશ્ય હોય જ. શ્રી હરિ ની કૃપા થી ગાંધીનગર અને દિલ્હી અક્ષરધામ તથા અમદાવાદ માં સને ૧૯૮૧ અને ૧૯૮૫ ના મોટા સમૈયા તથા એડીશન USA માં સને ૧૯૯૧ માં સી.એફ.આઈ.માં અને પરદેશ ના મંદિરો માં મોટા સિંહાસનો બનાવવા તેમને પૂ.પ્રમુખસ્વામી એ સેવા કરવાની તક આપી. સંપ્રદાય તરફ ની તેમની કર્તવ્યનિષ્ઠા, આસ્થા અને ભકિત ને કારણે જ તેઓશ્રી ને 'કિરીટ શ્રીહરિ નું ઉપનામ મળ્યું છે.

તમારા સ્વભાવ ની સરળતા, સાદગી, સેવા અને કર્તવ્યનિષ્ઠા ને કારણે આપ પોસુન પાટીદાર સમાજ ના પ્રિય બન્યા છો. આવનારી પેઢી તમારા કર્તવ્ય ને અને સમાજ ઉપયોગી કરેલ અવિસ્મરણીય કાર્યો ને માટે હંમેશા યાદ રાખશે.

સમાજ હરહંમેશ આપનો ઋણી રહેશે. આપશ્રી સ્વસ્થ જીવન જીવો ને સતાયુ થાવ તેવી કોટિ કોટિ શુભકામનાઓ.

આભાર

પોસુન ફેડરેશન ટ્રસ્ટ

# ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, અમદાવાદ

## ૫૩મું સ્નેહ મિલન કાર્યક્રમ.

ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ અમદાવાદ દ્વારા તારીખ 6.1.24 ના રોજ પીકનીક હાઉસ કાંકરિયા ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં POSUN અમદાવાદ ના 1500 થી વધુ સભ્યો હાજર હતા આ દિવસે ત્યાં લગ્ન મેળાવડા નું પણ સુંદર આયોજન કરવામાં આવેલ જેમાં સમગ્ર ચરોતર પાટીદાર સમાજ ના 140 થી વધુ દીકરા દીકરીએ ભાગ લીધો હતો.

આ સિવાય આ કાર્યક્રમમાં સમાજના મહિલા મંડળ દ્વારા સુંદર ડાન્સ નો કાર્યક્રમ તથા શ્રીરામ ધૂન થી માહોલ રામ ભક્ત મય બની ગયેલ હતો.

આ ઉપરાંત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા ખાસ POSUN અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી મુકેશભાઈ પટેલને સમાજ પ્રત્યેના છેલ્લા પાંચ વર્ષમાં કરેલા શ્રેષ્ઠ કાર્ય બદલ *પોસુન રત્ન* એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ ગાયિકા દ્વારા સુંદર સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને આવેલા સમાજના સભ્યો ને લકી ડ્રો દ્વારા ત્રણ લાખથી પણ વધુ ની ગિફ્ટ આપવામાં આવી હતી.

ત્યારબાદ સૌએ સાથે સ્વરુચિ ભોજન ની મોજ માણી હતી.

આ રીતે દર વર્ષે પોસુન અમદાવાદ દ્વારા આવા અલગ અલગ કાર્યક્રમો કરી અને સમાજના દરેક સભ્યોને સાથે જોડવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવતા હોય છે.

**અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી મુકેશભાઈ પટેલને સમાજ પ્રત્યેના છેલ્લા પાંચ વર્ષમાં કરેલા શ્રેષ્ઠ કાર્ય બદલ *પોસુન રત્ન* એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ હતા**








ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ


ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ


ગામ પાટીદાર






POSUN
POSUN

# ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, સુરત (દ. ગુજ.)
# ૩૦મું સ્નેહ મિલન તથા ઈનામ વિતરણ

ચરોતર પાંચ ગામ પાટીદાર સમાજ, સુરત (દ. ગુજ.) દ્વારા તારીખ ૦૭-૦૧-૨૪ ના રોજ સ્નેહ મિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં સમાજ ના તેજસ્વી વિધિયાર્થી ઓ ને રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકટ આપવામાં આવ્યા હતા.

આ સિવાય આ કાર્યક્રમમાં સમાજના બાળકો દ્વારા સુંદર ડાન્સ નો કાર્યક્રમો રાજુકરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં POSUN ફેડરેસનના પ્રમુખશ્રી , મંત્રીશ્રી તથા કમિટી સભ્ય ઉપસ્થી રહિયા હતા. સુરતના અન્ય પાટીદાર સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કમિટી સભ્યો હાજર રહિયા હતા.

આ કાર્યક્રમ બાદ સમાજની બહેનો માટે ગરબાનું આયોજન કરવામાં આવીયુ હતું.

ત્યારબાદ સૌએ સાથે સ્વરુચિ ભોજન ની મોજ માણી હતી.

આ રીતે દર વર્ષે પોસુન સુરત દ્વારા આવા અલગ અલગ કાર્યક્રમો કરી અને સમાજના દરેક સભ્યોને સાથે જોડવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવતા હોય છે.

















કરે છે.












સુણાવ, ઉત્તરસંડા,
સ્વાગત




પોસુન
(પીજ, ઓડ, સુણાવ,
નાર)
આપનું હાર્દિક
કરે છે









# સમાચાર

સ્વ ઉર્વશીબેન શંકરભાઈ પટેલ વતી

શ્રી નરેન્દ્ર ભાઈ શંકરભાઈ પટેલ.

(ગામ:પીજ હાલ USA).

દિપકબેન જયંતીભાઈ પટેલ પીજ ગામના દીકરી (હાલઅમદાવાદ) માં તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી પધારેલ ડૉ રાકેશભાઈજોશીને નરેન્દ્રભાઇ તરફ થી ૭૫ લાખ નો ચેક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અર્પણ કરવામાં આવ્યો તેમજ પીજ કપિલેશ્વર મહાદેવ ની બહાર ની સાઈડ 70ફૂટ ઊંચું મલ્ટી કલરનું 8લાખના ખર્ચ નવનિર્મિત પંખીઘરનું પણ ખાતમુહર્ત નરેન્દ્રભાઈ તરફથી અને KGBV ની દીકરીઓને ગૌરીવ્રત નિમિતે ખાવું લાવવા માટે નું પણ દાન આપ્યુંપીજ કેળવણી મંડળ તથા તમામ ભગીની સંસ્થાઓ અને શાળા પરિવાર અને સમગ્ર પીજ ગામ ગૌરવ અનુભવે છે અને આપને ખુબ ખુબ અભિનંદન અને શભેચ્છાઓ અને આપને મહાદેવ સ્વસ્થ તંદુરસ્ત જીવન પ્રદાન કરે એવી પ્રાર્થના

## ભાઈએ પોતાની સ્વર્ગવાસ બહેનના સ્મરણાર્થે સિવિલ હોસ્પિટલમાં સતત બીજા વર્ષે રૂ.૭૫ લાખનું ઐતિહાસિક દાન કર્યું

સવેરા ગુજરાત,અમદાવાદ, તા.૧૯

મહાત્મા ગાંધી વિનય મંદિર સ્કૂલ, પીચ, નડિયાદ ખાતે નરેન્દ્રભાઈ પટેલના હાથે ફરી એકવાર ૭૫ લાખનું દાન કરાયું.સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવતા દર્દીઓને આધુનિક સુવિધા અને જરૂરિયાતો પૂરી પાડવા માટે આ દાનની રકમનો ઉપયોગ કરવામાં આવશે-સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો.રાકેશ જોષી.ગત વર્ષે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નડિયાદના પીજ ગામના વતની ઉર્વશીબહેનની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે તેમના ભાઈ નરેન્દ્રભાઈ પટેલ અમેરિકાથી આવીને સિવિલ હોસ્પિટલમાં રૂપિયા ૭૫ લાખનું ઐતિહાસિક દાન કર્યું હતું.આ ૭૫ લાખનું દાન સિવિલ હોસ્પિટલમાં વ્યક્તિગત સ્તરે કરવામાં આવેલ અત્યાર સુધીનું સંભવિત સૌથી મોટું દાન માનવામાં આવી રહ્યું છે.સતત બીજા વર્ષે આજરોજ (તા:૧૯/૦૧/૨૦૨૪) મહાત્મા ગાંધી વિનય મંદિર સ્કૂલ, પીચ, નડિયાદ ખાતે નરેન્દ્રભાઈ પટેલના હાથે ફરી એકવાર ૭૫ લાખનું દાન સિવિલ હોસ્પિટલ અમદાવાદને કરવામાં આવેલ છે.આજરોજ મળેલ ૭૫ લાખના દાનથી સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવતા દર્દીઓને આધુનિક સુવિધા અને જરૂરિયાતો પૂરી પાડવા



માટે ઉપયોગ કરવામાં આવશે તેમ સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ રાકેશ જોશી એ જણાવ્યું હતું.આ દાનનો સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવતા ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓના હિતાર્થે ઉપયોગ કરવામાં આવશે. આ રીતે સમાજ અને સરકારના સહયોગથી સિવિલ હોસ્પિટલ અમદાવાદના સેવાકીય કાર્યો આગળ ધપી રહે છે. ગત વર્ષ અને આ વર્ષે મળી રહેલ ૭૫-૭૫ લાખના મહાદાન બદલ તમામ સિવિલ હોસ્પિટલ તંત્ર નરેન્દ્રભાઈ પટેલ નો દિલથી આભાર પણ માન્યો હતો.

# જીવનસાથી સંશોધન વિભાગ (યુવક)

આ વિભાગ માં આપેલી માહિતી માત્ર માર્ગદર્શન માટે જ છે તથા જે તે વ્યક્તિએ આપેલી છે, તે વિગતનો ઉપયોગ કરનાર કોઈ પણ વ્યક્તિએ તેની ખરાઈ કરી લેવી. સંસ્થા કે સંપાદક સમિતી વિગત માટે જવાબદાર રહેશે નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 14/11/2001 | 19:55:00 |
| Name - | Rushi Rajendrakumar Patel | Birth Place- | Petlad | Height- 6 ft. |
| Address - | Varsadiya wad, Pij | Education- | BCA | |
| Contact - | +919429034433, daxp952@gmail.com | At present: Auckland, New Zealand | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | UTTARSANDA | Birth Date Time | 12/08/1993 | 14:10:00 |
| Name - | Vishal Umakant Patel | Birth Place- | Godhra | Height- 5.6 ft. |
| Address - | Manjalpur, vadodara | Education- | MBA | |
| Contact - | +919428447227 rutvikupatel@yahoo.com | Manager operations at Tricolour Multi Specialty Hospital | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 12/09/1998 | 07:45:00 |
| Name - | Dr.Vishwa Vishnubhai Patel | Birth Place- | Vadodara | Height-5.45 ft. |
| Address - | Vadodara | Education- | M.B.B.S | |
| Contact - | +91760054838 vishnubhaipatel1957@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 17/09/1996 | 14:51:00 |
| Name - | Ruchik Surendrabhai Patel | Birth Place- | Gandhinagar | Height- 5.6 ft. |
| Address - | Gandhinagar | Education- | B.E (Mechanical) | |
| Contact - | +919825166209 patel.ruchik1709@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 22/08/1995 | 12:50:00 |
| Name - | Kapil Alkesh Patel | Birth Place- | Nadiad | Height-5.9 ft. |
| Address - | Ahmedabad | Education- | Hospitality Management | |
| Contact - | +919265958886 kapilpatel228@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | SUNAV | Birth Date Time | 31/08/1998 | 03:00:00 |
| Name - | Yash Raginbhai Patel | Birth Place- | Ahmedabad | Height- 5.11 ft. |
| Address - | Ahmedabad | Education- | B.C.A | |
| Contact - | +918980808884 yashpatel7009@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | ODE | Birth Date Time | 01/04/1992 | 07:30:00 |
| Name - | Sohal Mukeshbhai Patel | Birth Place- | Nadiad | Height- 5.6 ft. |
| Address - | Anand | Education- | B.Sc | |
| Contact - | +919574344560 patelsohal123@gmail.com | | | |

# જીવનસાથી સંશોધન વિભાગ (યુવક)

આ વિભાગ માં આપેલી માહિતી માત્ર માર્ગદર્શન માટે જ છે તથા જે તે વ્યક્તિએ આપેલી છે, તે વિગતનો ઉપયોગ કરનાર કોઈ પણ વ્યક્તિએ તેની ખરાઈ કરી લેવી. સંસ્થા કે સંપાદક સમિતી વિગત માટે જવાબદાર રહેશે નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 30/06/1990 | 14:52:00 |
| Name - | Pratham Ketankumar Patel | Birth Place- | Anand | Height- 175 cm |
| Address - | A-702, Indraprasth Gulmohar, Near ITC Narmada, Vastrapur, Ahmedabad - 380015. | Education- | Post Graduate | |
| Contact - | 9099575757<br>ketaarti@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 26/01/1996 | 20:32:00 |
| Name - | Aman Himanshubhai Patel | Birth Place- | Bhiwandi (Maharashtra) | Height- 5.7 ft. |
| Address - | Bhiwandi (Maharashtra) | Education- | M.Com , Pursuing C.A Final | |
| Contact - | +917709773300<br>amanpatel.01@gmail.com | Business Finance (Ecom - Amazon) Kay Kay overseas corporation (MNC) Adhering, Mumbai | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | UTTARSANDA | Birth Date Time | 08/09/1996 | 01:16:00 |
| Name - | KANDARP UMANGBHAI PATEL | Birth Place- | SURAT | Height- 5'8" |
| Address - | B/41, SURBHI SOCIETY, B/s LP SAVANI SCHOOL, ADAJAN, SURAT | Education- | BTec CIVIL | |
| Contact - | 9998749865<br>umangpatel1962@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 05/11/1991 | 12:57:00 |
| Name - | Rutvi Ketankumar Patel | Birth Place- | Anand | Height- 158 cm |
| Address - | A-702, Indraprasth Gulmohar, Near ITC Narmada, Vastrapur, Ahmedabad- 380015. | Education- | Chartered Professional Accountant (CPA, CGA), Canada | |
| Contact - | +919375308002<br>ketaarti@gmail.com | Presently residing in Canada | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 14/04/1988 | 02:30:00 |
| Name - | Sagar Surendra Patel | Birth Place- | Vadodara | Height- 5.7 ft. |
| Address - | Las Vegas (USA) | Education- | M.E (Mechanical) | |
| Contact - | +919825327660<br>sagarnar1988@gmail.com | Marital status: Divorced USA citizen, Job in Lead SAP consultant at Apple. Inc. | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | ODE | Birth Date Time | 11/09/1990 | 20:35:00 |
| Name - | Urvi Ravindrabhai Patel | Birth Place- | Anand | Height- 5 ft. |
| Address - | Fatehgunj, Vadodara | Education- | PGD in cyber crime investigation | |
| Contact - | +919824130361<br>uru90@yahoo.com | Managing family Business (Alpha Healing Centre) | | |

# જીવનસાથી સંશોધન વિભાગ (યુવતી)

આ વિભાગ માં આપેલી માહિતી માત્ર માર્ગદર્શન માટે જ છે તથા જે તે વ્યક્તિએ આપેલી છે, તે વિગતનો ઉપયોગ કરનાર કોઈ પણ વ્યક્તિએ તેની ખરાઈ કરી લેવી. સંસ્થા કે સંપાદક સમિતી વિગત માટે જવાબદાર રહેશે નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| Village - | NAR | Birth Date Time | 11/11/1992 | 14:41:00 |
| Name - | Vidhi Bhavesh Patel | Birth Place- | Anand | Height- 5.2 ft. |
| Address - | Toronto | Education- | Doctor of Pharmacy | |
| Contact - | +16476872782<br>vidhibpatel92@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 05/03/1998 | 08:16:00 |
| Name - | Urja Hitendrabhai Patel | Birth Place- | Ahmedabad | Height- 5.5 ft. |
| Address - | Lakhuji nu faliyu, Pij | Education- | M.Sc, MLT | |
| Contact - | +919724589037<br>urjapatel153@gmail.com | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 20/01/1999 | 05.45 a.m |
| Name - | Vrunda Jayeshbhai Patel | Birth Place- | Nadiad | Height- 5.5 ft |
| Address - | | Education- | Bachelor of Physiotherapy | |
| Contact - | 919724395428 | Physiotherapist | | |

| | | | | |
|---|---|---|---|---|
| Village - | PIJ | Birth Date Time | 09/08/1998 | 15.25 |
| Name - | Sanjana Jatin Patel | Birth Place- | | Height- 05.10 ft. |
| Address - | At Present: Saharanpur, U.P | Education- | B.A LLB | |
| Contact - | 919909244518<br>jatinc.patel64@gmail.com | | | |

બુલેટિનમાં જીવનસાથી સંશોધન વિભાગ ની યાદીમાં જેમની પાસે ગૂગલ ફોર્મ ના હોય તે નીચે મુજબ ડિટેલ્સ પહોંચાડે..

Name:
Native:
Mosal:
Birth Date:
Birth Time:
Birth Place:
Height:
Weight:
Education:
Occupation:
Present address
Father's name :
Contact number:
E-mail ID :

જીવનસાથી સંશોધન વિભાગ ની યાદીમાં Google form થી નામ નોંધવા માટે નીચે ની લિન્ક પર ક્લિક કરો અથવા બાજુનો QR કોડ સ્કેન કરો

https://forms.gle/AaksFXiXWH4YYgWQA

આ બુલેટિન મેળવવા માટે નીચે ની લિન્ક પર ક્લિક કરો અથવા બાજુનો QR કોડ સ્કેન કરો

https://forms.gle/Bhi6tNvewWUN2Fxh8

| અવસાન નોંધ |
|---|
| ગામ - પીજ (હાલ - સુરત) ના વિનોદભાઈ જશભાઇ પટેલ તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |
| ગામ - પીજ (દલાલ ની ખડકી) જયંતિભાઈ રણછોડભાઈ પટેલ ના ધર્મપત્ની લતાબેન તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |
| ગામ - પીજ (હાલ - એટલાન્ટા,USA) મહેન્દ્રભાઈ જી પટેલ ના પુત્ર મુકેશભાઈ તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |
| ગામ - નાર (હાલ- ઉત્તરસંડા) ના પ્રફુલભાઇ ભાઈલાલભાઈ પટેલ તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |
| ગામ - નાર ( હાલ - આણંદ) ના બિન્જેશભાઈ કાન્તીભાઈ પટેલ તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |
| ગામ - પીજ, ભુપેન્દ્રભાઇ પરષોત્તમભાઈ પટેલ ના પુત્ર મિત્તલ તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે |
| ગામ – પીજ, (હાલ – સુરત) ના શુશીલાબેન કાંતિભાઈ પટેલ તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. |

# વાનગી વિભાગ



## પાણીપુરીનું પાણી બનાવવાની 5 રીત

### ફુદીનાનું પાણી બનાવવા સામગ્રી

- ફુદીનો 100 ગ્રામ
- કોથમીર 50 ગ્રામ
- આદુ નાનો ટુકડો
- લીલા મરચા 2
- લીંબુ 4
- પાણીપુરીનો મસાલો 1/2 ચમચી
- ખાંડ 1 ચમચી
- ચાટ મસાલો 1/2 ચમચી
- સંચળ ચપટી
- કાળા મરી પાવડર ચપટી
- મીઠું સ્વાદ મુજબ
- પાણી 600 મિલી

- સૌથી પહેલા ફુદીનો, કોથમીર, આદુ અને લીલા મરચાને મિક્સરમાં પીસી લો. હવે એક બાઉલમાં પાણી લો અને તેમાં ફુદીનાની પેસ્ટ મિક્સ કરો. હવે આ પાણીમાં મીઠું, સંચળ, કાળા મરી પાવડર, ચાટ મસાલો, ખાંડ પાવડર, લીંબુ અને પાણીપુરીનો મસાલો ઉમેરો. હવે આ પાણીને મિક્સ કરીને ગાળી લો. ફુદીનાનું પાણી તૈયાર છે.

### લીંબુ પાણી બનાવવા સામગ્રી

- લીંબુ 3-4
- લીલા મરચા 3-4
- ખાંડ 2-3 ચમચી
- મીઠું 1/2 ચમચી
- સંચળ 1/2 ચમચી,
- ચાટ મસાલો 1/2 ચમચી
- પાણી 600 મિલી

- પહેલા મરચાને મિક્સરમાં પીસી લો.ખાંડને પીસીને પાવડર બનાવો. હવે આ વાટેલા મરચાને એક બાઉલમાં કાઢી લો. આ પીસેલા મરચામાં પાણી ઉમેરો અને મિક્સ કરો. હવે તેમાં મીઠું, ખાંડ પાવડર, સંચળ અને લીંબુ ઉમેરો. ખાંડ ઓગળી જાય ત્યાં સુધી તેને સારી રીતે મિક્સ કરો અને પછી પાણીને ગાળી લો, તમારું પાણીપુરીનું લીંબુ પાણી તૈયાર છે.

### જલજીરાનું પાણી બનાવવા સામગ્રી

- જલજીરા 2 ચમચી
- લીંબુ 1
- ખાંડ 1 ચમચી
- પાણી 500 મિલી

- સૌથી પહેલા પાણી લો અને તેમાં જલજીરાને મિક્સ કરો. હવે આ પાણીમાં ખાંડ અને લીંબુ ઉમેરો અને સારી રીતે મિક્સ કરો. પછી પાણીને ગાળી લો. તમારું પાણીપુરીનું જલજીરા પાણી તૈયાર છે. જલજીરામાં મીઠું હોવાથી તેમાં અલગથી મીઠું ઉમેરીશું નહીં.

### હાજમા હજમ પાણી બનાવવા સામગ્રી

- હજમોલા ગોળીઓ 10-15
- લીંબુ 1
- ખાંડ 1/2 ચમચી
- 2 મોટી ચમચી આમલીનો પલ્પ
- નેનો ટુકડો આદુ છીણેલું
- 1 ચમચી લાલ મરચું પાવડર
- 1 ચમચી શેકેલું જીરું પાવડર
- 1 ચમચી હિંગ
- પાણી 600 મિલી

- હજમોલાની ગોળીઓને થોડીવાર એક પાણીમાં પલાળી રાખો અને જ્યારે ગોળીઓ પાણીમાં ઓગાળી જાય ત્યાં સુધી રાખો. હવે એક બાઉલમાં પાણી સિવાયની બધી સામગ્રીને મિક્સ કરી લો અને પછી તેમાં હજમોલની ગોળીનું પાણી અને બીજું વધારાનું પાણી ઉમેરીને મિક્સ કરી લો. પાણીપુરીનું હાજમા હજમ ડાયજેસ્ટ પાણી તૈયાર છે, તેને 2 કલાક માટે ફ્રિજમાં મૂકી દો.

### લસણનું પાણી બનાવવા સામગ્રી

- લસણ 5-7 કળીઓ, લીલા મરચા 2-3, લીંબુ 1, ખાંડ 1 ચમચી, સંચળ 1/2 ચમચી, કાળા મરી પાવડર 1/2 ચમચી, મીઠું સ્વાદ મુજબ અને પાણી 600 મિલી.

- સૌપ્રથમ લસણ અને લીલા મરચાને મિક્સરમાં નાખીને પીસી લો. હવે એક બાઉલમાં પાણી લો અને તેમાં 3 ચમચી લસણ અને મરચાની પેસ્ટ નાખીને મિક્સ કરો. આ પાણીમાં લીંબુ, મીઠું, સંચળ, કાળા મરી અને ખાંડનો પાવડર ઉમેરીને મિક્સ કરો અને પાણીને થોડીવાર આમ જ રહેવા દો અને પછી ગાળી લો. તો તૈયાર છે તમારું લસણનું પાણી.

# મકાઈ મેથી ઢેબરા



- આદુ - 1 ઇંચ
- લીલા મરચા - 2 થી 3
- લસણ
- ઘી
- લીંબુનો રસ - 1 ચમચી
- મકાઈનો લોટ - 2 કપ
- તલ - 1 ચમચી
- શુદ્ધ ઘી - 1 ચમચી
- દહીં - 1/2 કપ
- મેથી - 1 કપ
- સમારેલી કોથમીર
- બાફેલા બટાકા - 2
- ઘઉંનો લોટ - 1 કપ
- અજમો - 1 ચમચી
- હિંગ - 1/4 ચમચી
- લાલ મરચું પાવડર – 1 ચમચી
- હળદર પાવડર - 1/4 ચમચી
- સ્વાદ મુજબ મીઠું

**સ્ટેપ 1:** પરફેક્ટ મકાઈ મેથી ઢેબરા બનાવવા માટે, એક મિક્સર જાર લો, તેમાં 1 ઇંચ આદુ, 2-3 લીલા મરચાં, 10-12 લસણની કળી અને લીંબુનો રસ ઉમેરો અને તેની ઝીણી પેસ્ટ બનાવો.

**સ્ટેપ 2:** એક પહોળી પ્લેટ લો, તેમાં 2 કપ મકાઈનો લોટ, 1 કપ ઘઉંનો લોટ, તૈયાર કરેલી પેસ્ટ, 1 ચમચી અજમો, 1/4 ચમચી હિંગ, 1 ચમચી લાલ મરચું, 1/4 ચમચી હળદર પાવડર અને સ્વાદ મુજબ મીઠું ઉમેરો.

**સ્ટેપ 3:** હવે તેમાં 1 ચમચી તલ, 1 ચમચી ઘી, 1/2 કપ દહીં અને 1 કપ સમારેલા મેથીના પાન, 1/2 કપ ઝીણી સમારેલી કોથમીર અને બે બાફેલા છીણેલા બટાકા નાખીને બધું બરાબર મિક્સ કરી લો.

**સ્ટેપ 4:** હવે જરૂર મુજબ પાણી ઉમેરીને સખ્ત કણક તૈયાર કરો.

**સ્ટેપ 5:** હવે લોટને ઢાંકીને 5 મિનિટ માટે રાખો.

**સ્ટેપ 6:** 5 મિનિટ પછી, લોટને તપાસો, એક નાની લોઈ લો, તેને સૂકા લોટથી લપેટીને મધ્યમ વણી લો. ભાખરી બનાવો એટલી જાડાઈ હોવી જોઈએ.

**સ્ટેપ 7:** એક પેનને ગેસ પર રાખો, તેના ઉપર ઘી/તેલ લગાવો.

**સ્ટેપ 8:** પેનને ગરમ કર્યા પછી તૈયાર કરેલા ઢેબરાને પેન પર મૂકી સારી રીતે શેકી લો.

**સ્ટેપ 9:** થોડી વાર પછી ઢેબરામાં ઘી લગાવીને સોનેરી થાય ત્યાં સુધી શેકો.

**સ્ટેપ 10:** ઢેબરા સોનેરી થઇ જાય પછી તેને પ્લેટમાં કાઢીને બાકીના ઢેબરાને શેકી લો.

રસોઇ ના દુનિયા

| |
|---|
| ડાકોર ના  ગોટા |
| |
| ભાખરી પિઝા બનાવવાની રીત |